Received on : 10-06-2026
Registered on : 10-06-2026
Decided on : 31-07-2026
Duration : Y M D
00 01 21

**જૂનાગઢના મે. પાંચમાં એડીશનલ ડિસ્ટ્રીકટ જજ સાહેબની કોર્ટમાં,**
**મુ.જૂનાગઢ.**

**દિવાની પરચુ. અરજી નં.૬૯/૨૦૨૬.**
**આંક–**

**અરજદાર:–** ધારિયાલા જયેશકુમાર સવજીભાઈ,
ઉ.વ.આ. ૨૩ વર્ષ, ધર્મે–હિન્દુ,
રહે. ડુંગરપુર, વનરાજ વોટર પાર્ક પાસે,
તા.ડુંગરપુર,જી.જુનાગઢ.

**–વિરૂધ્ધ–**

(૧) પ્રિન્સિપાલ શ્રી, સ્વામિ વિવેકાનંદ વિનય મંદિર,
કાળવાચોક, ટાઉનહોલ પાસે,
જુનાગઢ.
(૨) જીલ્લા માધ્યમીક શિક્ષણાધીકારી સાહેબ શ્રી,
જીલ્લા માધ્યમીક શિક્ષણાધીકારીની કચેરી,
જુનાગઢ.

**વિષય:** લીમીટેશન એકટની કલમ–૫ મુજબ ડીલે કોન્ડોન કરવા અંગે.

---

અરજદાર તરફે : વિ. વકીલશ્રી એ. એ. દુર્વેશ.
સામાવાળા નં.–૧, ૨ તરફે : ગેરહાજર.

---

**:: ઠ રા વ ::**

(૧) અરજદારે હાલની અરજી લીમીટેશન એકટ કલમ–૫ અન્વયે જૂનાગઢના મુખ્ય સિનીયર સિવીલ જજ સાહેબની કોર્ટના રેગ્યુ. દિ. મુ. નં.૦૪/૨૪ ના કામે તા. ૦૫–૦૫–૨૬ થી જે હુકમ કરેલો તે સામે અપીલ કરવામાં ૦૨ –દિવસનો વિલંબ થયેલ હોય જે વિલંબ માફ માટેની અરજી કરેલ છે.

(૨) અરજીની હકીકતો જોતા અપીલ દાખલ કરવામાં થયેલ વિલંબ અંગેના કારણોમા અરજદારે રેગ્યુ. દિ. મુ. નં. ૦૪/૨૪ થી ડેકલેરેશન મેળવવા અંગેનો દાવો દાખલ કરેલો, જે દાવો નામદાર નીચેની અદાલતમાં બન્ને પક્ષકારોના પુરાવા અને દલીલો બાદ ના

મંજુર કરેલ છે, જેની સામે નારાજ થઈને વાદીઓ/એપેલેન્ટોએ હાલની અપીલ રજુ રાખેલ છે.જે અરજી સંબંધી હુકમ નીચેની અદાલતે તા.૫/૦૫/૨૦૨૬ ના રોજ ફરમાવેલો જે સંબંધે અપીલ કરવામાં અરજદારો મુળ વાદીઓને ૨ દિવસનો વિલંબનો બાદ નડતો હોય, તો વિલંબ માફ કરવાની હાલની અરજી કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, અરજદાર/ વાદીને નીચેની અદાલત દ્વારા રે.દિ.મુ.નં–૪/૨૪ ના કામે તા.૫/૦૫/૨૦૨૬ ના હુકમ અંગેની જાણકારી મોડી પ્રાપ્ત થયેલ અને અરજદાર કાયદાકીય જ્ઞાનથી અજ્ઞાન હોય, અપીલ દાખલ કરવામાં વિલંબ થયેલ છે, જે કાબુ બહારના સંજોગોને કારણે થવા પામેલ છે, અરજદારોને જરૂરી કાનુની માર્ગદર્શન અપીલ માટે મેળવવા સંબંધી ૧૫ થી ૨૦ દિવસનો સમય લાગેલો, કાયદાથી અજ્ઞાનતાને કારણે લીગલ માગદર્શન મેળવવામાં ૨ દિવસનો વિલંબ થયેલો જે ન્યાયના વિશાળ હીતમાં માફ થવાને પાત્ર છે, અન્યથા અરજદારો અપીલ દાખલ ન કરી શકવાના કારણે તેમના મુળભુત સીવીલ રાઈટ કાયમી પ્રકારે ગુમાવી બેસે તેવી પરીસ્થીતીનુ નીમાર્ણ થાય તેમ છે, તેમજ અરજદારોએ જાણી બુજીને કોઈ વિલંબ કરેલ નથી જે તમામ હકીકતે અપીલ કરવામાં ૨ દિવસનો વિલંબ થયેલ છે, તે માફ કરવા અરજ કરેલ છે.

(૩) અરજી અન્વયે સામાવાળાઓને નોટીસ કરવામાં આવતા સામાવાળા નં.–૧ બજી જતા તેઓ હાજર થયેલા છે જયારે સામાવાળા નં.–૨ ને નોટીસ બજવા છતાં હાજર રહેલા નથી.

(૪) આ કામે અરજદાર ના તરફે તેમના વિ. વકીલશ્રીની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૫) બન્નેના વિ.વકીલશ્રીની દલીલો સાંભળી, રેકર્ડ વંચાણે લીધુ. અરજદાર તરફે અપીલ દાખલ કરવામાં થયેલ વિલંબ અંગેના કારણોમાં નીચેની અદાલતે તા.૫/૦૫/૨૦૨૬ ના રોજ ફરમાવેલો જે સંબંધે હુકમ અંગેની જાણકારી મોડી પ્રાપ્ત થયેલ અને અરજદાર કાયદાકીય જ્ઞાનથી અજ્ઞાન હોય, અપીલ દાખલ કરવામાં વિલંબ થયેલ છે, જે કાબુ બહારના સંજોગોને કારણે થવા પામેલ છે, અરજદારોને જરૂરી કાનુની માર્ગદર્શન અપીલ માટે મેળવવા સંબંધી ૧૫ થી ૨૦ દિવસનો સમય લાગેલો, કાયદાથી અજ્ઞાનતાને કારણે લીગલ માગદર્શન મેળવવામાં ૨ દિવસનો વિલંબ થયેલો અને જો અરજદારો અપીલ દાખલ ન કરી શકવાના કારણે તેમના મુળભુત સીવીલ રાઈટ કાયમી પ્રકારે ગુમાવી બેસે તેવી પરીસ્થીતીનુ નિર્માણ થાય તેમ છે તેમજ અરજદારોએ જાણી બુજીને કોઈ વિલંબ કરેલ નથી જેથી અપીલ કરવામાં ૨ દિવસનો વિલંબ થયેલ હોય જે વિલંબ માફ કરવા અરજ કરેલ છે.

ત્યારે વિવિધ ઉચ્ચ અદાલતોએ વિલંબથી અપીલ દાખલ કરતા સમયે વિલંબ અરજીમાં વધુ હાઈપર ટેકનીકલ ન થઈ ઉદાર અભિગમ અપનાવવો જોઈએ અને અપીલ તે કાયદેસરનો હકક છે તેવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે ત્યારે આ હાથ ઉપરના કેસમાં પણ વિલંબ થયા અંગેનુ જે કારણ દર્શાવેલ છે તે ધ્યાને લેતા અપીલએ કાયદેસરનો હકક છે ત્યારે નામદાર ઉચ્ચ અદાલતોએ વિવિધ કેસોમાં વિલંબ સબંધેની આ પ્રકારની અરજીમાં ઉદાર અભિગમ અપનાવવો જોઈએ તેવુ ઠરાવેલ છે તે સિધ્ધાંત ધ્યાને રાખી અરજદારને દાવાના કામે તેઓની વિરૂધ્ધ થયેલ હુકમને પડકારવા માટે અને રજુઆત કરવા માટે પુરતી તક મળે તે હેતુથી ન્યાયના હીતમાં થયેલ વિલંબ રજુ કારણો ધ્યાને લેતા કોસ્ટ સાથે માફ કરવો ઉચીત જણાય છે. જેથી સદરહુ અરજી પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–:: હુકમ ::–</u>**

(૧) હાલની અરજી મંજુર કરવામાં આવે છે.

(૨) અરજદારે હાલની અરજીની કોસ્ટ પેટે રૂ.૫૦૦/– (અંકે રૂપિયા પાંચસો પુરા) ડી.એલ.એસ.એ. જુનાગઢમાં તથા રૂ. ૧,૦૦૦/– (અંકે રૂપિયા પચ્ચીસસો પુરા) નાઝીરશ્રી, જીલ્લા ન્યાયાલય, જૂનાગઢમાં જમા કરાવ્યેથી વિલંબ માફ કરવાની અરજી મંજુર કરવામાં આવે છે.

(૩) સદરહુ નાઝીરશ્રીમાં જમા થયેલ રૂ. ૧,૦૦૦/– દરેક સામાવાળાને સરખે હીસ્સે ઓળખ અંગેની ખરાઈ કરી ચુકવી આપવા.

(૪) અરજદાર/એપેલેન્ટ તર્ફે કોસ્ટની રકમ ભરપાઈ થયેથી રજીસ્ટ્રાર/ડિસ્ટ્રીકટ કોર્ટ, જુનાગઢનાઓએ કાયદા મુજબ કાયદેસરની કાર્યવાહી અર્થે રેગ્યુલર સીવીલ અપીલ રજીસ્ટરે નોંધવી.

હુકમ આજ તા. ૩૧ મી, માહે–જુલાઈ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી, જાહેર કર્યો.

જૂનાગઢ.
તા. ૧૫–૦૬–૨૦૨૬.

**(હિતેશ ગીરીશભાઈ દામોદ્રા)**
પાંચમા એડી. ડીસ્ટ્રીકટ
જૂનાગઢ
(કોડ નં.જીજે.–૦૧૦૦૫)